

# પાકિસ્તાનમાં બસ ખીણમાં ખાબકી, 40 મુસાફરોનાં મોત

**ખૈબર** પખ્તુનખ્વાના પહાડી રસ્તા પર બ્રેક ફેઈલ થતાં અકસ્માત સર્જાયો, 8 લોકો ઈજાગ્રસ્ત

**ક્વેટાથી** પેશાવર જઈ રહી હતી 48 મુસાફરોથી ભરેલી બસ

પેશાવર/ઈસ્લામાબાદ, તા. 3 જુલાઈ (પીટીઆઈ): પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં શુક્રવારે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. અહીં મુસાફરોથી ભરેલી એક બસ ઊંડી ખીણમાં ખાબકતાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા 40 લોકોનાં મોત નીપજ્યાં છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ બસ બલૂચિસ્તાનના ક્વેટાથી પેશાવર જઈ રહી હતી, તે દરમિયાન ખૈબર પખ્તુનખ્વાના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં આ દુર્ઘટના થઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ, પહાડી રસ્તા પર વળાંક લેતી વખતે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી, જેના કારણે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ રસ્તા પરથી લપસીને સીધી ખીણમાં પડી ભાંગી હતી. બલૂચિસ્તાનના મુખ્યમંત્રીના સલાહકાર શાહિદ રિંદે જણાવ્યું કે, આ અકસ્માતમાં 40 લોકોનાં મોત થયાં છે અને 8 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

# UNના વડામથકની સામે એક વ્યક્તિએ આત્મવિલોપન કર્યું

**બૌદ્ધ** ભિક્ષુકના વેશમાં આવેલા શખ્સે યુએન પરિસર નજીક તિબેટનો ધ્વજ મૂક્યો અને પછી પોતાના શરીરને આગ ચાંપી

**સ્થળ** પરથી મળી આવેલી પત્રિકાઓમાં ચીનને તિબેટમાંથી કાઢો એવું લખ્યું હતું



ન્યૂયોર્ક, તા. ૩: અમેરિકાના ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર(UN) મુખ્યાલયની બહાર ગુરુવારે સાંજે એક 52 વર્ષીય વ્યક્તિએ પોતાની જાતને આગ લગાવી દીધી. ગંભીર રીતે દાઝી ગયેલા આ વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓ અને સામે આવેલા વીડિયો મુજબ, તે વ્યક્તિ બૌદ્ધ ભિક્ષુકના વેશમાં હતો. ઘટના પહેલા તેણે સંયુક્ત રાષ્ટ્ર પરિસર પાસેના ફૂટપાથ પર તિબેટનો ધ્વજ મૂક્યો અને પછી પોતાના પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ લગાવી દીધી. પોલીસને ઘટનાસ્થળેથી કેટલીક પત્રિકાઓ મળી, જેના પર "ચીનને તિબેટમાંથી બહાર કાઢો" એવું લખ્યું હતું. પ્રાથમિક તપાસમાં તેને તિબેટ મુદ્દા સાથે જોડાયેલો વિરોધ માનવામાં આવી રહ્યો છે.

# પૃથ્વી તરફ ધસી રહેલા નાસાના ટેલિસ્કોપને બચાવવા મિશન લોન્ચ કરાયું

**ત્રણ** હાથવાળું 'લિંક' યાન કેટાલિસ્ટ સ્પેસ કંપનીએ અવકાશમાં રવાના કર્યું

**આ** યાન સ્વિફ્ટ ટેલિસ્કોપ સુધી સપ્ટેમ્બરમાં પહોંચી જશે અને તેને ધક્કા મારીને ફરીથી મૂળ ભ્રમણકક્ષામાં મૂકશે

**જો** આ ઓપરેશન નહીં કરાય તો સ્વિફ્ટ ટેલિસ્કોપ ઓક્ટોબર સુધીમાં પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશીને સળગી જવાનો ભય

કેપ કેનાવેરલ (યુએસ), ૩ જુલાઈ (એપી) પૃથ્વી પર પાછા તૂટી પડવાના જોખમનો સામનો કરી રહેલા નાસાના ટેલિસ્કોપને બચાવવા માટે શુક્રવારે એક ત્રણ હાથવાળું સ્પેસક્રાફ્ટ ભ્રમણકક્ષામાં રવાના થયું હતું.

નોર્થરોપ ગ્રુમેને પેસિફિકમાં આવેલા માર્શલ આઈલેન્ડ્સ પરથી કેટાલિસ્ટ સ્પેસ ટેક્નોલોજીસના 'લિંક' સ્પેસક્રાફ્ટને લોન્ચ કર્યું હતું. પેગાસસ રોકેટે એક મોડિફાઈડ વિમાનના નીચેના ભાગમાંથી ઉડાન ભરી હતી, જે નાસાના સ્વિફ્ટ ઓબ્ઝર્વેટરી(ટેલિસ્કોપ) સુધી પહોંચવા અને તેને પકડવાના માર્ગ પર આશરે એક મહિનામાં પહોંચી જશે. ૨૦૦૪ માં લોન્ચ કરાયેલું સ્વિફ્ટ ટેલિસ્કોપ તાજેતરના સૌર તોફાનોને કારણે પહેલા કરતાં વધુ ઝડપથી નીચે તરફ સરકી રહ્યું છે. નાસા આ ટેલિસ્કોપને પકડવા અને તેની ભ્રમણકક્ષા વધારવા માટે કેટાલિસ્ટ કંપનીને ૩ કરોડ અમેરિકી ડોલર ચૂકવી રહ્યું છે, જેથી તે બ્રહ્માંડના સૌથી મોટા વિસ્ફોટો, જેવા કે ગામા કિરણોના વિસ્ફોટ અને ફાટતા તારાઓ(સુપરનોવા) પર નજર રાખવાનું ચાલુ રાખી શકે. જો બધું બરાબર રહ્યું તો, સ્વિફ્ટ ટેલિસ્કોપ સપ્ટેમ્બર સુધીમાં ફરીથી બ્રહ્માંડનું નિરીક્ષણ કરવાનું શરૂ કરી શકે છે. ટેલિસ્કોપની ભ્રમણકક્ષાને શક્ય તેટલા લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે હાલમાં તેના દ્વારા થતા અવલોકનો પર રોક લગાવવામાં આવી છે.

૧.૬ ટન વજન ધરાવતું સ્વિફ્ટ હાલમાં પૃથ્વીથી ૩૬૦ કિલોમીટર ઉપર ચક્કર લગાવી રહ્યું છે.

# અમેરિકાના ટેરિફ સામે ભારત સરકાર અને સંસ્થાઓ રજૂઆત કરશે

**ભારતમાં** બળજબરીથી મજૂરી કરાવવાની પ્રથા અમલી હોવાનું કારણ આપી ભારતીય વસ્તુઓ પર ૧૨.૫ ટકા વધારાની ડ્યુટી લાદવાનો પ્રસ્તાવ USTRએ મૂક્યો છે

**આની** સામે વાણિજ્ય મંત્રાલય અને FICCI, CII અને ACMA જેવી અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિઓ આઠમીએ અમેરિકામાં થનાર સુનાવણીમાં રજૂઆત કરશે

વોશિંગ્ટન, તા. ૩(પીટીઆઈ): ભારત આવતા સપ્તાહે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ(USTR) સમક્ષ નિકાસ પર પ્રસ્તાવિત અમેરિકી ટેરિફને પડકારવા માટે તૈયાર છે. ભારતનો દાવો છે કે પરાણે મજૂરી અંગેના તારણો કાનૂની રીતે ખામીયુક્ત છે અને તે અમેરિકાના વ્યવસાયો તેમજ ગ્રાહકોને અસર કરશે.

વાણિજ્ય મંત્રાલય તેમજ APEDA, FICCI, CII અને ACMA જેવી અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિઓ ૮ જુલાઈના રોજ યોજાનારી જાહેર સુનાવણીમાં ટેરિફ લાદવાના USTRના પ્રસ્તાવ સામે ભારતનો પક્ષ રજૂ કરવાના છે. ભારતે પોતાની લેખિત રજૂઆતમાં પહેલેથી જ જણાવ્યું છે કે, USTRના તારણો દેશના મજબૂત સ્થાનિક કાનૂની માળખાને ધ્યાનમાં લેતા નથી. ભારતનું આ માળખું વેઠમજૂરી પ્રત્યેની સંવેદનશીલતા ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે કાયદાકીય પ્રતિબંધો, સંસ્થાકીય પ્રણાલીઓ અને સતત ચાલતા નીતિગત પગલાંઓને જોડતો એક વ્યવસ્થિત અને પ્રગતિશીલ અભિગમ દર્શાવે છે. પ્રસ્તાવિત ટેરિફના વિરોધમાં, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) એ જણાવ્યું છે કે ભારતનું નીતિગત માળખું ટ્રેડ એક્ટ ઓફ 1974 ના સેક્શન 301(b) હેઠળ 'અયોગ્ય' કે 'ભેદભાવપૂર્ણ' ગણાવાને પાત્ર નથી. CII એ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત પાસે મજબૂત બંધારણીય અને વૈધાનિક માળખું છે જે સુનિશ્ચિત કરે છે કે ભારતીય કંપનીઓ વેઠમજૂરી(બળજબરીથી મજૂરી) કરાવી શકે નહીં. ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ACMA) સહિત અન્ય સંસ્થાઓએ પણ રજૂઆત કરી હતી કે ભારતીય કંપનીઓ વેઠીયા મજૂરી કરાવતી નથી.




## આમિર ખાન કાલે ગૌરી સ્પ્રેટ સાથે કરશે ત્રીજા લગ્ન



મુંબઈ, તા. 3 (પીટીઆઈ): બોલિવૂડ સ્ટાર આમિર ખાને ખુલાસો કર્યો છે કે તેની પાર્ટનર ગૌરી સ્પ્રેટ સાથેના લગ્ન 5 જુલાઈના રોજ તેના મુંબઈ સ્થિત નિવાસસ્થાને યોજાશે. 61 વર્ષીય અભિનેતાએ જણાવ્યું કે, આ લગ્ન એક ખાનગી પ્રસંગ હશે જેમાં માત્ર પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજર રહેશે. ગુરુવારે રાત્રે રાજકુમાર હિરાણીના આગામી શોના સ્ક્રીનિંગ દરમિયાન આમિરે મીડિયા સમક્ષ આ ખુશખબર શેર કરી હતી અને ભવિષ્યની સફર માટે લોકોના આશીર્વાદ માંગ્યા હતા. આ આમિર ખાનના ત્રીજા લગ્ન હશે. અગાઉ તેના લગ્ન રીના દત્ત (1986થી 2002) અને કિરણ રાવ (2005થી 2021) સાથે થયા હતા. આમિરે ગૌરી સ્પ્રેટને વર્ષ 2025માં તેની ફિલ્મ 'સિતારે ઝમીન પર'ના પ્રમોશન દરમિયાન મીડિયા સાથે પરિચય કરાવ્યો હતો. ગૌરી સ્પ્રેટ બેંગલોરની વતની છે અને વેલનેસ તથા બ્યુટી ક્ષેત્રે કામ કરે છે. આમિરે અગાઉ જણાવ્યું હતું કે તેઓ એકબીજાને 25 વર્ષથી ઓળખતા હતા, પરંતુ છેલ્લા દોઢ વર્ષથી તેઓ નજીક આવ્યા છે.

## અમિતાભ અને અજય દેવગનના બંગલામાં પણ ભરાયા પાણી



મુંબઈ, તા. 3: મુંબઈમાં પડેલા ભારે વરસાદે બોલિવુડ સ્ટાર્સના આલીશાન બંગલાઓની હાલત પણ બગાડી દીધી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના જુહુ સ્થિત રૂ. 50 કરોડના બંગલા 'જનક' અને અજય દેવગનના બંગલા 'શિવશક્તિ'ની બહાર રસ્તાઓ પર પાણી ભરાયેલું સાફ જોઈ શકાય છે તેમના બંગલામાં પણ પાણી ભરાઈ ગયું હતું. અમિતાભ બચ્ચનના બંગલામાં મુકેલા કુંડા પણ અડધા પાણીમાં ડૂબી ગયા છે. મુંબઈના રસ્તાઓ પર પાણી ભરાવવું સામાન્ય બાબત છે, પરંતુ આવા પોશ વિસ્તારમાં આવેલા સેલેબ્સના ઘરોની આવી હાલત જોઈને સોશિયલ મીડિયા યુઝર્સ હવે બીએમસી (BMC) સામે સવાલો ઉઠાવી રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે જો આટલા મોટા સ્ટાર્સના ઘરનો આ હાલ હોય, તો મુંબઈની સામાન્ય જનતાનું શું થતું હશે.

## ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સના લગ્ન સમારંભનો ધમધમાટ



ન્યૂયોર્ક, તા. 3: પોપ મેગાસ્ટાર ટેલર સ્વિફ્ટ અને એનએફએલ (NFL) ઇતિહાસના સૌથી મહાન ટાઇટ એન્ડ્સમાંના એક ફૂટબોલર ટ્રેવિસ કેલ્સ શુક્રવારે ન્યૂયોર્કમાં લગ્નની ઉજવણી સાથે તેમની ત્રણ વર્ષની પ્રેમ કહાનીને આખરી ઓપ આપે તેવી વ્યાપક અપેક્ષા છે, જેની સાથે જ આ બંનેના જોડાણને લઈને મહિનાઓથી ચાલી આવતી અટકળોનો અંત આવશે. જો કે બંનેમાંથી કોઈએ હજુ સુધી સાર્વજનિક રૂપે આ યોજનાઓની પુષ્ટિ કરી નથી, પરંતુ ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનની આસપાસ મીડિયાની ભારે હાજરી અને બેરિકેડ્સના કારણે કોઈ મોટા આયોજનની અપેક્ષાઓ વધી ગઈ છે, જ્યારે કે શુક્રવારે સવારે ત્યાંથી પસાર થતા લોકો પોતાના ફોનમાં ફોટા અને વીડિયો લેવા માટે રોકાયા હતા. ત્યાં ભારે કાળા પડદા સાથેના સ્કેફોલ્ડિંગ લગાવવામાં આવ્યા હતા, જેથી ભીડ બિલ્ડિંગમાં આવતા લોકોને જોઈ ન શકે. ન્યૂયોર્કના મેયર ઝોહરાન મામદાની સહિતના અધિકારીઓએ એવા સંકેતો આપ્યા છે કે કંઈક મોટું આવી રહ્યું છે. યુએસ મીડિયાના અહેવાલો અનુસાર, આ કપલે એક લાંબા હોલિડે વીકેન્ડની શરૂઆતમાં ૧,૦૦૦ લોકો માટે કોકટેલ અવરનું આયોજન કર્યું છે.

# રીતાબ્રત જૂથે કોલકાતામાં તૃણમૂલના વડામથક પર કબજો જમાવ્યો

**તાળા** બદલી નાખ્યા, નવા પોસ્ટરો લગાડ્યા, પોતે જ સાચી તૃણમૂલ કોંગ્રેસ હોવાની જાહેરાત કરી

**જો** કે કાર્યાલયની અંદરના મમતા બેનરજીના ફોટા અને કટ-આઉટ્સ રહેવા દેવામાં આવ્યા

કોલકાતા, તા. ૩(પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસ પર નિયંત્રણ મેળવવાની લડાઈ શુક્રવારે ત્યારે વધુ ઉગ્ર બની ગઈ જ્યારે વિપક્ષના નેતા રીતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથે કોલકાતામાં પાર્ટીના મેટ્રોપોલિટન હેડક્વાર્ટરનો કબજો મેળવી લીધો, તાળાં બદલી નાખ્યા, નવા પોસ્ટરો લગાવ્યા અને જાહેરાત કરી કે હવેથી આ જ પરિસરમાંથી પક્ષનું સંચાલન કરવામાં આવશે.

આ પગલું બળવાખોર છાવણી દ્વારા પક્ષનું નામ, પ્રતીક અને સંગઠનાત્મક માળખા પર પોતાનો દાવો રજૂ કરવા માટે નવી દિલ્હીમાં ચૂંટણી પંચની પૂર્ણ બેંચ સમક્ષ હાજર થયાના માંડ ૨૪ કલાક બાદ આવ્યું છે. વરિષ્ઠ નેતાઓ ફિરહાદ હકીમ, જાવેદ ખાન, સંદીપન સાહા અને પક્ષના ખજાનચી અખરુઝામન સાથે રીતાબ્રત ઈ.એમ. બાયપાસ પર આવેલી ઓફિસે પહોંચ્યા હતા અને પરિસરની અંદર એક બેઠક યોજીને દાવો કર્યો હતો કે તેમનું જૂથ જ સાચી ટીએમસી છે. મૂળ મુખ્યાલયના પુનઃનિર્માણ દરમિયાન ટીએમસી ૨૦૨૨માં ત્યાં સ્થળાંતરિત થઈ ત્યારથી મેટ્રોપોલિટન વિસ્તારની આ ઓફિસ પક્ષના મુખ્ય કાર્યાલય તરીકે સેવા આપી રહી છે. અમે જ તૃણમૂલ કોંગ્રેસ છીએ, અને આ ઓફિસ તૃણમૂલ કોંગ્રેસની છે. આ ઓફિસ સાથે પક્ષનું ભાવનાત્મક જોડાણ છે. માલિકો સાથે કરાર પૂર્ણ થઈ ગયો છે, અને તમામ સંગઠનાત્મક કામગીરી અહીંથી જ ચલાવવામાં આવશે, એમ અખરુઝામને પત્રકારોને જણાવ્યું હતું. નોંધનીય છે કે, નવા પોસ્ટરોમાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીનો ફોટો નથી અને તેના બદલે વરિષ્ઠ ધારાસભ્ય અરૂપ રોયને પક્ષના અધ્યક્ષ તરીકે દર્શાવવામાં આવ્યા છે .આ ફેરફારો છતાં, પરિસરની અંદર પહેલેથી જ પ્રદર્શિત મમતા બેનર્જીના ફોટા અને કટ-આઉટ્સને અડકવામાં આવ્યા નહોતા.

આ ઘટનાક્રમ પર મમતા બેનર્જીના વફાદાર જૂથ તરફથી તાત્કાલિક પ્રતિક્રિયા આવી હતી. વરિષ્ઠ નેતા કુણાલ ઘોષ આ ઘટનાની જાણ થતાં જ ઓફિસે પહોંચ્યા હતા પરંતુ ગેટ પર તાળું હોવાને કારણે તેઓ અંદર પ્રવેશી શક્યા નહોતા. આ ઘટનાને "દુર્ભાગ્યપૂર્ણ" ગણાવતા ઘોષે બળવાખોરો પર પક્ષમાં મૂંઝવણ ઊભી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. મમતા જૂથે એવો પણ આક્ષેપ કર્યો હતો કે આ કબજો રાજ્ય વહીવટીતંત્ર અને પોલીસના પરોક્ષ સમર્થનથી કરવામાં આવ્યો છે, જે આરોપને બળવાખોરોએ ફગાવી દીધો હતો.






બેંક ઓફ ઇંડિયા Bank of India BOI

**ઝોનલ ઓફિસ, સુરત ઝોન :** બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત–૩૯૫૦૦૧

**ઓવરડ્યુ રેન્ટ લોકર્સના ડ્રિલ ઓપનનિંગ માટેની જાહેર સૂચના**

બેંક ઓફ ઈન્ડિયાના લોકર ધારકો વિવિધ શાખાઓમાંથી લોકર સુવિધા ધરાવે છે. બેંકે લોકર ધારકોને વિવિધ મુદતવીતી નોટિસો જારી કરી છે. જોકે, લોકર ધારકો દ્વારા મુદતવીતી ભાડું ચૂકવવામાં આવ્યું નથી. તેથી, બેંક નીચેના લોકર ખોલવાની કવાયત હાથ ધરશે. આ પ્રકાશનના 15 દિવસ પછી સંબંધિત શાખાઓમાં ખોલવાની કવાયત હાથ ધરવામાં આવશે.

આ જાહેર નોટિસને તમામ લોકર ધારકોને આ પ્રકાશન પછી 15 દિવસ પૂરા થાય તે પહેલાં મુદતવીતી ભાડું ચૂકવવા માટે અંતિમ સૂચના તરીકે ગણવામાં આવશે, જો આમ ન થાય તો બેંક કોઈપણ સૂચના વિના લોકર ખોલશે. ડ્રિલ ખોલવાની કવાયતને કારણે લોકર ધારકોને કોઈપણ નુકસાન અથવા પ્રતિકૂળ CIR/CIBIL માટે બેંક જવાબદાર રહેશે નહીં. મુદતવીતી ભાડું અને ડ્રિલ ખોલવાની કિંમત વસૂલવા માટે બેંક કોર્ટના હસ્તક્ષેપ સાથે અથવા તેના વિના તમામ ઉપાયોનો ઉપયોગ કરશે અને તેનાથી ઉદભવતા તમામ પરિણામો માટે લોકર ધારક જવાબદાર રહેશે.

| અ. નુ | લોકર નં. | શાખાનું નામ ખાતા નં. અને લોકર હોલ્ડરનું નામ | સરનામુ | નોટીસની તારીખ | ૩૦.૦૬.૨૦૨૬ ની વિગતો મુજબ મુદતવીતી ભાડું (જીએસટી સિવાય) | ત્યારથી મુદતવિતી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬૪૪ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૦૩૧૨૬ રાજેન્દ્રત્રિકમલાલ મેહતા | સી/ઓ ડો બી કે વૈદ્ય ૨૦૪ પાર ફળીયા, નવસારી ૨૩ અનુપમા એપાર્ટ, સેંટ.ફ્રાન્સીસ –નવસારી | ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬, ૧૯.૦૬.૨૦૨૬ | ૧૫૦૦૦ | ૨૭.૦૮.૨૦૨૧ |
| ૨ | ૧૬૩૬ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૦૩૧૨૫ ઝવેરભાઈ નાથુભાઈ પટેલ | ક્રિષ્ણા હોસ્પિટલ નજીક, ૧/૩૧૯ ચારપુલ, નવસારી સી/ઓ સૌરંસ હોટલ, નવસારી. | ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬, ૧૯.૦૬.૨૦૨૬ | ૮૪૦૦ | ૨૧.૦૯.૨૦૨૧ |
| ૩ | ૧૧૨૬ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૦૩૧૧૪ દોલતરાય ડાહ્યાભાઈ દેસાઈ | 'દાંડીવાલા નિવાસ' આશાપુરી રોડ, નવસારી | ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬, ૧૯.૦૬.૨૦૨૬ | ૧૧૨૦૦ | ૧૦.૦૪.૨૦૨૧ |
| ૪ | ૧૬૬૩ | નવસારી ૨૯૦૧૧૦૧૧૦૦૦૬૧૫૫ રમીલાબેન ઈશ્વરભાઈ પટેલ | મુ અને પો લાખાપોર, તા. પલસાણા, જી.સુરત | ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬, ૧૯.૦૬.૨૦૨૬ | ૭૫૦૦ | ૨૮.૧૨.૨૦૨૧ |
| ૫ | ૨૧૧૭ | નવસારી ૨૯૦૧૧૩૧૦૦૦૩૦૬૪૭ ગીતાબેન દેવેન્દ્રકુમાર પારેખ | 77 DODNEY DRIVE,LEA, PRESTON LANCASHIRE PR2 1XS ENGLAND UKAB | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૧૧૪૦૦ | ૦૪.૦૩.૨૦૨૨ |
| ૬ | ૬૮૪ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૧૦૫૫૨૦ રાજીવ ઘનશ્યામભાઈ પટેલ | ૪૦૧, પ્રીયંકા એમ્પાયર, કન્યાશાળા–૧ નજીક, લાઈબ્રેરી રોડ , નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૧૧૨૦૦ | ૦૮.૦૪.૨૦૨૨ |
| ૭ | ૧૬૭૬ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૦૨૭૮૯૬ દિપ્તી મનુભાઈ દેસાઈ | ૭૧૮ પારિજાત એપાર્ટમેન્ટ, મહાદેવ સોસાયટી, નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૪૦૦ | ૦૯.૦૪.૨૦૨૨ |
| ૮ | ૫૬ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૦૩૭૭૫૯ ભારતી ઈશ્વરલાલ દેસાઈ | ૨૨૭/૪ ક્રિષ્ણા નિવાસ, નગરવાળ, નવસારી | ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬, ૧૯.૦૬.૨૦૨૬ | ૭૫૦૦ | ૧૧.૦૪.૨૦૨૨ |
| ૯ | ૧૪૩૪ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૦૩૧૨૧ તારાબેન છગનલાલ શાહ | ૧૦૫ – શૈલષ પાર્ક સોસાયટી, છાપરા રોડ, નવસારી. | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૫૫૦ | ૨૭.૦૪.૨૦૨૨ |
| ૧૦ | ૩૬૩ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૦૩૩૧૫૧ અનુરાગ બીમલ બોરડિયા | ૪૦૨ સનરાઈઝ એપાર્ટમેન્ટ, માણેકલાલ રોડ, નવસારી. | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૦૦૦ | ૨૯.૦૫.૨૦૨૨ |
| ૧૧ | ૪૬૯ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૦૦૬૭૧૭ અરવિંદ વલ્લભભાઈ પટેલ | 38 RUE STEPHENSON PARIS - 18 FRANCE મુ– પોસ્ટ કોથમડી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૦૦૦ | ૧૬.૦૬.૨૦૨૨ |
| ૧૨ | ૧૬૬૭ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૦૩૧૯૯ રણજીતકુમાર ડાયાભાઈ પંચાલ | સી/ઓ મુન્ના બિલ્ડર્સ, એરૂ ચાર રસ્તા, એરૂ, નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૬૦૦૦ | ૦૨.૦૭.૨૦૨૨ |
| ૧૩ | ૨૦૬૭ | નવસારી ૨૯૦૧૧૦૧૧૦૦૧૦૨૬૨ યુસુફભાઈ ઈબ્રાહીમભાઈ વોરા | એચ–૯૮, શક્તિ નગર, છાપરા રોડ, નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૦૦૦ | ૧૭.૦૮.૨૦૨૨ |
| ૧૪ | ૭૭૬ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૩૧૦૦ લાલ્લુભાઈ ભુલા માધવ | મુ –પોસ્ટ. ધામણ, વાયા વેસ્મા, જી.નવસારી. | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૪૦૦ | ૧૩.૧૦.૨૦૨૨ |
| ૧૫ | ૧૭૫૪ | નવસારી ૨૯૦૧૧૦૫૧૦૦૦૩૧૨૯ રમેશ કાનજી પટેલ | 15 WYVERN AVE,RUSHEY MEAD LEICESTER LE4 7HJ U.K. 2. C/O RAMESHBHAI PARAGJI PATEL NAVSARI | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૦૬.૦૨.૨૦૨૬ | ૬૦૦૦ | ૦૪.૧૧.૨૦૨૨ |
| ૧૬ | ૧૨૫૦ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૦૩૧૯૭૦ રમીલાબેન રણછોડભાઈ પટેલ | ૮/૨૯૬ દાબુ ટેકરા તરોટા બજાર, નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૧૨૦૦૦ | ૧૦.૦૧.૨૦૨૩ |
| ૧૭ | ૩૯૨ | નવસારી ૨૯૦૧૧૦૧૦૦૦૦૩૯૮૧ મંજુલાબેન લાલ્લુભાઈ પટેલ | મુ પો. આમધરા તા. ચીખલી વાયા બીલીમોરા, નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૧૪૦૦૦ | ૦૨.૦૩.૨૦૨૩ |
| ૧૮ | ૧૬૨૪ | નવસારી ૨૯૦૧૧૦૧૧૦૦૧૨૪૩૬ શામા આરીફ છોટાણી | ૪૦૨ અક્ષર વિહાર એપાર્ટમેન્ટ છાપરા રોડ, નવસારી | ૧૫.૦૭.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૧.૨૦૨૬ | ૮૪૦૦ | ૨૨.૦૩.૨૦૨૩ |
| ૧૯ | ૧૯ | દમણ ૨૯૧૨૧૦૧૧૦૦૦૬૩૯૯ નિખીલ શારણ | ૫૦૧ એ વિંગ ફોર્ચ્યુન વર્લ્ડ ડુનેથા દમણ –૩૯૬૨૧૦ | ૦૬.૦૩.૨૦૨૫, ૧૨.૦૨.૨૦૨૫, ૧૧.૧૨.૨૦૨૪ | ૮૪૦૦ | ૨૨.૦૫.૨૦૧૮ |
| ૨૦ | ૧૪૦ | ઉધના ૨૭૬૨૧૦૧૧૦૦૦૭૬૫૨ જાવેદઅલી અનવરઅલી જાતુ | પીએલ ૨૩૧ રૂમ ૪ અંબર કોલોની ઉધના સુરત ૩૯૪૨૧૦ | ૦૫.૧૧.૨૦૨૪, ૨૯.૦૧.૨૦૨૫, ૧૧.૦૬.૨૦૨૫ | ૮૪૦૦ | ૦૯.૧૦.૨૦૨૨ |
| ૨૧ | ૩૧ | સેલવાસા ૨૭૬૭૧૦૩૧૦૦૦૦૬૪૬ શ્રી મનીષ મહાવીરપ્રસાદ પરીક | બી ૨– ૪ પ્રમુખ વિહાર સર્વે નં.૩૪૩ નરોલી રોડ, સેલવાસા ૩૯૬૨૩૦. મો : ૯૩૭૭૬૪૦૨૦૫ | ૦૨.૦૮.૨૦૨૩ ૧૪.૦૯.૨૦૨૩ ૧૦.૧૨.૨૦૨૪ ૨૫.૦૬.૨૦૨૫ | ૩૮૦૦ | ૨૯.૦૯.૨૦૨૨ |
| ૨૨ | ૧૩૫ | બીલીમોરા ૨૯૦૫૧૦૧૧૦૦૦૧૫૭૪ પ્રવિણભાઈ છગનભાઈ પટેલ | શ્રધ્ધા ૨૩/૫ યમુના નગર સોસાયટી, બીલીમોરા, તા. ગણદેવી, જી.નવસારી, ગુજરાત ૩૯૬૩૨૧ | ૧૦.૦૧.૨૦૨૨ ૧૦.૦૭.૨૦૨૪ ૦૭.૦૮.૨૦૨૪ ૨૪.૦૯.૨૦૨૪ ૦૮.૧૧.૨૦૨૪ ૩૧.૦૭.૨૦૨૫ ૨૫.૧૧.૨૦૨૫ ૩૦.૦૪.૨૦૨૬ | ૮૦૦૦ | ૩૦.૧૦.૨૦૧૮ |

તા. ૦૪.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત — શાખા હેડ / અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા






બેંક ઓફ ઇંડિયા Bank of India BOI

**વિજલપોર શાખા :** તમ્હંકર વાડી, પ્રાયમરી સ્કૂલ પાસે, વિજલપોર રેલ્વે ક્રોસીંગ સામે, વિજલપોર, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૫૦૭૦૯ email : vijalpor.vadodara@bankofindia.co.in

**પરિશિષ્ટ–૪ [જૂઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ ઈન્ડિયા (વિજલપોર શાખા)**ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વાંચતા લઈ આ ધારા હેઠળ **તા.૨૮.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી ટોગાભાઈ મેરાભાઈ ભરવાડ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૬,૦૮,૩૫૦.૧૦ (રૂપિયા સોળ લાખ આઠ હજાર ત્રણસો પચાસ અને દસ પૈસા પુરા)** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૧લી જુલાઈ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા (વિજલપોર શાખા)** ની રકમ **રૂા.૧૬,૦૮,૩૫૦.૧૦ (રૂપિયા સોળ લાખ આઠ હજાર ત્રણસો પચાસ અને દસ પૈસા પુરા)** અને તેના ઉપરનાં વ્યાજને આધિન રહેશ

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ગોકુલ નગર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ નો પ્લોટ નં. ૪, રેવન્યુ સર્વે નં.૧૪૩/પૈકી ૧, વિજલપોર, કબીલપોર, તા અને જી.નવસારી ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : રોડ, **પશ્ચિમ તરફ** : જોડેની મિલકત, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૩ **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૫ આવેલ છે.

તા. ૦૧/૦૭/૨૦૨૬ । સ્થળ : વિજલપોર — અધિકૃત અધિકારી બેંક ઓફ ઈન્ડિયા, વિજલપોર શાખા

TORRENT POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે.અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૬/૦૭/૨૦૨૬, સોમવાર : નાગોરીવાડ (સૈયદપુરા), કડિયા શેરી (સૈયદપુરા), દાનેવ એસ્ટેટ (વસ્તાદેવડી)
- ૦૭/૦૭/૨૦૨૬, મંગળવાર : સોહમ રેસિડન્સી (કતારગામ રોડ)-SS-T૧, ગોકુલ રો હાઉસ (સિંગણપોર)
- ૦૮/૦૭/૨૦૨૬, બુધવાર : જે.બી. એન્ડ બ્રધર્સ (HT), રોઝી ઈન્ડ. (કતારગામ રોડ), મિલેનિયમ માર્કેટ નં.૪ (રિંગ રોડ)
- ૦૯/૦૭/૨૦૨૬, ગુરુવાર : કે.પી. સંઘવી (લાલ દરવાજા), રેક્સોના, શિવ શક્તિ ટાઉનશિપ
- ૧૦/૦૭/૨૦૨૬, શુક્રવાર : અમીઝારા પેલેસ (લાલ દરવાજા), અલ્પેશ (ન્યૂ કે.જી. GIDC)

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે જે મેળવવા કોલ 19128 / 0261-2551912 / 9099991912 અથવા મેઈલ connect.srt@torrentpower.com કરવા વિનંતી**
WhatsApp 8141970070